જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૨/૦૧/૨૦૨૫ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૪/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૯૫ લીટર દેશી દારૂ, ૩૩૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૨૫૮ બિયર ટીન, ૧ કન્ટેનર ટ્રક અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૪૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૫/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૦૬/૨૦૨૫

ક્રાઈમ બ્રાન્ચઃ સુનિલભાઇ કિશનચંદ કુલવાણી (ઉ.વ.૨૯) (રહે. અમારા ટાવર આઇ.ઓ.સી.પેટ્રોલપંપ પાસે બોડકદેવ) એ તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૪/૨૦૨૩ થી તા.૩૦/૦૩/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન સારંગપુર ગ્રાઉન્ડ ફ્લોર સુમેલ-૧ દુકાન નંબર-બી-૯૫ ખાતે આરોપી (૧) હિતેષ કૈલાસ અસરાની (૨) કૈલાસ અસરાની (ઠે.૧૦૦૬/એ, પહેલો માળ સીટી સેન્ટર-૨, સુમેલ-૩ સામે કાંકરીયા) (રહે. બી/૨૦૨ સિંધી કોલોની કોમ્યુનીટી હોલ સરદારનગર) તથા (૩) મનીષ હસાની (રહે. આસુતોષ એવન્યુ હાંસોલ સરદારનગર) એ ભેગા મળી સુનિલભાઇ કુલવાણી તથા સાહેદ વેપારીઓ પાસેથી રેયોન ફેબ્રિકસ લેડીઝ કુર્તી કાપડનો માલ કિમત રૂપિયા ૧,૦૭,૨૭,૩૦૭/- ઉધારમાં ખરીદ કરી માલનુ પેમેન્ટ ૩૦ દિવસમાં ચુકવવાની ખાતરી આપી માલ લઈ જઈ તે પૈકી ટુકડે-ટુકડે રૂપિયા ૪૫,૪૭,૩૫૬/- ચુકવી, બાકી નિકળતા રૂપિયા ૬૧,૭૯,૯૫૧/- આજદીન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ ન્યુ કલોથ માર્કેટ વિંગ આર્થીક ગુના નિવારણ શાખા પો.સ.ઇ.શ્રી કે.બી.સરવૈયા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૭/૨૦૨૫**

**ચાંદખેડાઃ** નરેશકુમાર સ/ઓ અનમોલરતનભાઇ છાબડા (રહે. મનાલી કોમ્પ્લેક્ષ આશ્રમ ચોકડી મોટેરા) એ તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૧/૨૦૨૫ થી તા.૧૯/૦૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.પરમાર ચલાવે છે.

**પર્સ ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૮/૨૦૨૫**

**વાડજઃ** નિતીનભાઇ લહેરીપ્રસાદ ગુપ્તા (ઉ.વ.૪૦) (રહે. ગાયત્રીનગર સોસાયટી ૧૩૨ ફુટ રીંગ રોડ રણછોડજીના મંદિર પાસે જીવરાજપાર્ક વેજલપુર) તા.૨૦/૦૧/૨૦૨૫ સવારના ૬/૧૦ વાગ્યાના સુમારે ઓટો રીક્ષામાં બેસી પત્ની સાથે નવાવાડજ વ્યાસવાડીથી અખબારનગર તરફ પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ નિતીનભાઇના પત્નીના હાથમાંથી પર્સ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે પર્સમાં સોનાના તથા ડાયમંડના દાગીના, મોબાઇલ ફોન, તેમજ રોકડ રૂપિયા ૨૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૧,૮૫૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ નિતીનભાઇ ગુપ્તા એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.દેસાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી